પત્રિકા
૧૮૦

# ચિરાગે હિદાયત

૧૨/૧૦/૧૮
૦૧ સફર

# યઝીદ(લ.અ.)ના દરબારમાં જનાબે ઝયનબ(સ.અ.)નો ખુત્બો

જલીલુલ કદ્ર આલિમ શૈખ તબરસી(ર.અ.) પોતાની અમૂલ્ય કિતાબ 'અલ એહતેજાજ' ભાગ-૨, પાના નં. ૩૦૭ ઉપર વર્ણન કરે છેઃ

જ્યારે અલી ઈબ્નુલ હુસૈન(અ.સ.) એહલે હરમની સાથે દરબારે યઝીદમાં દાખલ થયા, તો તેમને ઈમામ હુસૈન (અ.સ.)ના સર મુબારક પાસે લાવવામાં આવ્યા જે એક થાળમાં રાખવામાં આવ્યુ હતું અને યઝીદ(લ.અ.) તેમના હોઠો પર લાકડીથી મારી રહ્યો હતો અને આમ કહી રહ્યો હતોઃ

*લઅેબત્ હાશેમો બિલ મુલ્કે ફલા*
*ખબ   ન જાઅ વ લા વહયુન નઝલ*
*લય્ત અશ્યાખી બે બદ્રીન શહેદુ*
*જઝઅલ ખઝજે મિન વક્ઈલ અસલે*
*લ અહલ્લુ વસ્તહલ્લુ ફરહન*
*વ લકાલુ યા યઝીદો લા તોશલ*
*ફ જઝય્નાહુમ બે બદ્રીન મિસ્લહા*
*વ અકમ્ના મિસ્લ બદ્રીન ફઅતદલ*
*લસ્તો મિન ખિન્દેફ ઈન્ લમ્ અન્તકીમ્*
*મીન બની અહમદ મા કાન ફઅલ*

"બની હાશિમે હુકુમતની સાથે એક રમત રમી હતી, ન તો કોઈ ખબર આવી હતી અને ન કોઈ વહી નાઝિલ થઈ હતી, કાશ બદ્રમાં મરવાવાળા મારા બુઝુર્ગો જોતે અને (ઓહદમાં) ઝખ્મોથી ચૂર ખઝરજના રડતા લોકો, અગર તેઓ અહીં હોતે તો ખુશીથી મારા વખાણ કરતે અને કહેતા હોત, અય યઝીદ તારા હાથ ક્યારેય પણ લકવાગ્રસ્ત ન થાય. અમે તેના ખાનદાનથી બદ્રનો બદલો લીધો અને મારા આ ઈન્તેકામથી બદ્રનો બદલો પૂરો થયો. હું આવું ન કરત તો હું ખીન્દેફના વંશમાંથી ન હોત, અગર મેં એહમદની ઔલાદથી આ કામોનો બદલો ન લીધો હોત."

જ્યારે જનાબે ઝયનબ(સ.અ.)એ આ જોયું તો આપ(સ.અ.)એ એક દુઃખી અને ગમગીન અવાજમાં એવો અવાજ બુલંદ કર્યો કે જેનાથી દિલ કાંપી ઉઠે.

"યા હુસૈના! યા હબીબ રસુલીલ્લાહ! યબ્ન મક્કા વ મીના! યબ્ન ફાતેમતઝ્ ઝહરાએ સય્યેદતે નેસાઅ! યબ્ન મોહમ્મદીલ મુસ્તફા!"

આ દર્દભરી અવાજને સાંભળીને બધા લોકો રડવા લાગ્યા અને યઝીદ(લ.અ.) ચૂપ થઈ ગયો. પછી જનાબે ઝયનબ(સ.અ.) ઉભા થયા અને લોકોને સંબોધન કરીને એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો. જેમાં આપ(સ.અ.)એ પોતાના જદ હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ના ફઝાએલને જાહેર કર્યા અને એલાન કર્યુ કે

તેમણે પરવરદિગારની રેઝા માટે સબ્ર કરી, નહી કે ડર અને બીકના લીધે પછી અલી(અ.સ.) અને ફાતેમા(સ.અ.)ની દુખ્તરની અવાજ ગુંજી ઉઠીઃ

'તમામ વખાણ અલ્લાહના માટે છે જે તમામ કાએનાતનો પરવરદિગાર છે અને દુરૂદો સલામ થાય મારા જદ્દે બુઝુર્ગવાર અને સૈય્યેદુલ મુરસલીન પર બેશક અલ્લાહ સુબ્હાનહુએ સાચુ ફરમાવ્યું છે.

'તેના પછી બુરાઇ કરવાવાળાઓનો અંજામ બુરો થયો કે તેઓએ ખુદાની નિશાનીઓને જુઠલાવી દીધી અને તેની મજાક ઉડાવતા રહ્યા.' (સુરે રૂમ, આયત નંબરઃ ૧૦)

અય યઝીદ! શું તું એમ વિચારે છે કે ઝમીન અને આસમાનના તમામ રસ્તાઓ અમારી ઉપર બંધ કરીને અને નબુવ્વતના ખાનદાનને મામુલી કૈદીઓની જેમ દર બદર ફેરવીને, ખુદાની બારગાહમાં અમારૂં જે મકામ હતુ તેમાં કોઇ ઘટાડો થઇ ગયો અને શું તું મોટો ઇઝ્ઝતદાર બની ગયો? અને પછી તું આ ખોટા ખ્યાલનો ભોગ બનેલ છે કે એ મુસીબતો જે અમારે તારા હાથે સહન કરવી પડી તેનાથી તારી ઇઝ્ઝતમાં કોઇ વધારો થઇ ગયો અને કદાચ આ ગેર સમજણના લીધે તારૂં નાક વધારે ચડી ગયુ છે અને અભિમાનના લીધે તું તારા ખભાઓને ઉંચા કરવા લાગ્યો છે. હાં! એમ વિચારીને તું ખુશીથી ફુલાતો સમાતો નથી કે

તારી સરમુખ્તયારી હુકૂમતની હદો બહુજ ફેલાઇ ચૂકી છે અને તારી સલ્તનતની નોકરશાહી બહુજ મજબૂત છે, શું તું એમ સમજી બેઠો છે કે અમારા રાજ્યમાં તને કોઇ પણ ખતરા વગર ફેલાઇ–ફેલાઇને ઇત્મીનાનથી પોતાનો હુકમ ચલાવવા અને મનમાની કરવાનો મૌકો મળ્યો છે. અટકી જા યઝીદ અટકી જા. એક–બે શ્વાસ હજુ લઇ લે. શું તું અલ્લાહ અઝ્ઝ વ જલ્લનો આ કૌલ ભૂલી ગયો છે.

'અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કદી પણ એવું ગુમાન ન કરે કે અમે જે મોહલત તેમને આપીએ છીએ તે તેમના માટે લાભદાઇ છે; (નહિ, બલ્કે) અમે તેમને (મોહલત) માત્ર એટલા માટે આપીએ છીએ કે ગુનાહના કાર્યોમાં તેઓ વધુ વધી જાય, અને છેવટે તેમના માટે દુઃખદાયક અઝાબ છે.' (સુરે આલે ઈમરાન, આ. ૧૭૮)

અય અમારા આઝાદ કરાયેલા ગુલામોની ઔલાદ! શું આ જ ઈન્સાફ છે કે તે તારી ઔરતો અને કનીઝો સુધ્ધાને પણ પરદામાં બેસાડી રાખી છે અને નબીની દુખ્તરોની ચાદરો છીનવી લીધી? તેમની હુરમતને તે પાયમાલ કરી નાખી? તેમના દુશ્મન તેમને બેપર્દા, ખુલ્લા માથે એક શહેરથી બીજા શહેર લઇ જાય છે? ત્યાં સુધી કે શહેરો અને ગામડાઓના રહેવાસીઓ તેમને જૂએ છે, દૂર અને નજદીકના લોકોએ તેમનો તમાશો બનાવી દીધો છે. ઝલીલ અને શરીફ લોકો તેમના તરફ નજરો ઉંચી કરીને જોવે છે. તેઓની હાલત

એવી છે કે જાણે તેમના મર્દો તેમની સરપરસ્તી માટે મૌજૂદ નથી અને ન તો તેઓ મદદગાર પામે છે. આ અલ્લાહથી બગાવત છે, રસૂલેખુદા(સ.અ.વ.)ની વિરૂધ્ધ એલાને જંગ છે અને જે કાંઈ આપ(સ.અ.વ.) ખુદાની બારગાહમાંથી લાવ્યા હતા, તેની મુખાલેફત છે. આ કાંઈ આશ્ચર્યની વાત નથી અને એવા શખ્સથી દયા અને મહેરબાનીની આશા શું કરી શકાય જે તેની ઔલાદ હોય કે જેણે ઈસ્લામના પાકીઝા શહીદોના કલેજાને ચાવવું પસંદ કર્યુ કે જેમનું ગોશ્ત નેકુકાર લોકોના ખુનથી બન્યું હોય, જે નબીઓના સરદાર(સ.અ.વ.)થી દુશ્મની રાખતા હોય, જે લોકોને ભેગા કરતો હોય અને નફરતને ફેલાવતો હોય, જેણે રસૂલલ્લાહ(સ.અ.વ.)ના નૂરાની ચહેરા પર તલવાર ચલાવી હોય, જે અરબોમાં અલ્લાહનો સૌથી સખ્ત તરીન વિરોધી હોય, અલ્લાહના રસૂલ(સ.અ.વ.)નો સૌથી મોટો મુન્કીર હોય, જેણે ખુલ્લમ ખુલ્લા તેમની વિરૂધ્ધ દુશ્મનીનું એલાન કર્યુ હોય અને ખુદાવંદે આલમની નજરમાં સૌથી મોટો કાફિર અને બગાવત કરનાર હોય?

આ જાણી લે (અય યઝીદ)! આ કુફ્રનું પરિણામ છે. આ જંગે બદ્રમાં તારા બાપ-દાદાઓની હારની એ છિપકલી (ગરોળી) છે જે તારા દિલમાં ફરી રહી છે? પછી એ શખ્સ કેવી રીતે અમો એહલેબૈત(અ.મુ.સ.)થી પોતાની દુશ્મની ઓછી કરી શકે, જેણે હંમેશા અમારી ઉપર નફરત અને દુશ્મનાવટ

અને કીનાની નજર નાખી હોય, જે રસૂલેખુદા(સ.અ.વ.)નો ઈન્કાર કરતો હોય, તેને બેશરમીની સાથે બયાન કરતો હોય, અને તેમના ફરઝંદ અને તેમની ઝુર્રીયતના બચ્ચાઓને કત્લ કરીને ખુશી જાહેર કરતો પોતાના પૂર્વજોને આ કહેઃ

*અગર તેઓ અહીં હોતે તો ખુશીના લીધે મારા વખાણ કરત અને કહેતા હોત કે અય યઝીદ તારા હાથને ક્યારેય લકવો ન થાય.*

હવે તું અબા અબ્દીલ્લાહ (હુસૈન(અ.સ.))ના હોઠો તરફ આગળ વધી રહ્યો છે. એ હોઠ કે જેનો બોસો રસૂલેખુદા(સ.અ.વ.) લેતા હતા, તું એના પર લાકડી મારી રહ્યો છે? ચોક્કસ આ હોઠ એમની ખુશીના સબબ હતા.

હું કસમ ખાઉ છું કે જન્નતના જવાનોના સરદાર, અરબના સરદારના ફરઝંદ, આલે અબ્દુલ મુત્તલીબના સુરજનું ખૂન વહાવીને તે ઝખ્મી કર્યા છે, તે બરબાદ કર્યા છે અને તારા બાપ-દાદાનો બદલો લીધો છે. તેમનું ખૂન વહાવીને તે તારા પૂર્વજોના કાફિરોથી નજદીકી મેળવી છે અને વળી તે તારી અવાજને ઉંચી કરી છે. *(વધુ આવતા અંકે...)*

ખુદાયા! તને એહલે હરમની બેપર્દગીનો વાસ્તો, ઈમામ હુસૈન(અ.સ.)ના ખૂનનો બદલો લેવાવાળા હઝરત ઈમામે ઝમાના(અ.સ.)ના પૂરનૂર ઝહૂરમાં જલ્દી ફરમાવ. આમીન.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com